# સરગવો





વૃક્ષની સઘન ખેતી તથા પરંપરાગત ખેતી સાથેની વૃક્ષની ખેતી એ ફરી પ્રચલિત બનતી બાબત છે. વધતી વસ્તી, ઘટતા વનો અને આ વનો ને પર્યાવરણ સુરક્ષા હેતુ અનામત રાખવાની જરૂરત છે. સરગવો ફળાઉ વૃક્ષો પૈકા ખૂબ જ ઝડપથી થતું, ઓછી કાળજી માંગતુ તેમજ ખૂબ ઉંચો આર્થિક ફાયદો આપતું વૃક્ષ છે. શાકભાજીમાં સરગવાની શીંગ વિશિષ્ટ સ્થાન ધરાવે છે. સરગવો અને બહુવર્ષાયુ અસંખ્ય નાના નાના પાન ધરાવતું, આઠ થી દસ મીટર ઉંચુ, શાખાવાળું, સદાપર્ણી ઝાડ છે. જે મોરીંગેસી કુળનું ઉપયોગી ઝાડ છે. અંગ્રેજીમાં તેને ડ્રમસ્ટિક અથવા હોર્ષ રેડિસ તરીકે ઓળખાય છે. સરગવાની શીંગોમાં વિટામીન બી અને સી ભરપૂર પ્રમાણમાં હોય છે. શીંગોમાં કાર્બોહાઈડ્રેટસ ૩.૭% પ્રોટીન ૨.૫% તેમજ વિપુલ પ્રમાણમાં ખનીજ તત્વો રહેલા છે. આ ઉપરાંત મૂળ, ફૂલ અને છાલમાં પણ ઔષધીઓય ગુણ સમાયેલા છે. વિશેષમાં સરગવાની શીંગના માવામાં દીપન ગુણને કારણે મંદાગ્નિ, સંધિવા, શરીરનું જકડાઈ જવું, પક્ષાઘાત, સોજા, પથરી તેમજ ચામડીના રોગોમાં રાહત આપે છે. ગુજરાતમાં વડોદરા, આણંદ, ખેડા, સાબરકાંઠા અને મહેસાણા જીલ્લામાં સરગવાની ખેતીનો વ્યાપ દિવસે દિવસે વધતો જાય છે.

**જમીન :–** રેતાળ તથા ગોરાડુ ફળદ્રુપ જમીન ખૂબ જ અનુકુળ છે. સામાન્ય રીતે શેઢાપાળાની પડતર જમીન, મધ્યમ, કાળી, બેસર પ્રકારની સારા નિતારવાળી જમીન અનુકૂળ છે.

**હવામાન :–** ગરમ અને ભેજવાળુ સમશીતોષ્ણ હવામાન ખૂબ જ અનુકૂળ છે. વધુ પડતી ગરમી કે ઠંડી ઝાડની વૃદ્ધિ અને વિકાસને અવરોધે છે.

**પ્રસર્જન :–** સરગવાનું પ્રસર્જન બીજ તથા વાનસ્પતિક પ્રસર્જન પાકટ મધ્ય જાડાઈના (૧.૫ થી ૨.૦ ઈંચ) કટકા તથા ઢાલાકાર આંખ કલમથી થાય છે.

**સુધારેલી જાતો :–**

**(૧) પી.કે.એમ.-૧ -** તામિલનાડુ કૃષિ યુનિ. કોમઈમ્બુતુર દ્વારા ભલામણ કરેલ જાત છે. વાવણી બાદ ૬ માસ પછી શીંગો ચાલુ થાય છે જે ૬૫ થી ૭૦ સે.મી. લંબાઈની, ગાઢા લીલા રંગની, મધ્યમ જાડાઈની હોય છે. અંદાજીત ૫૦ થી ૬૦ કિલોગ્રામ ઝાડ દીઠ વાર્ષિક ઉત્પાદન ક્ષમતા ધરાવે છે.

**(૨) કોકણ રૂચિરા :-** કોંકણ કૃષિ વિદ્યાપીઠ, દાપોલી દ્વારા તૈયાર કરેલ જાત છે. આ જાતની શીંગો લીલા રંગની, વધુ ગર્ભ ધરાવતી ૫૦ થી ૫૫ સે.મી. લાંબી સ્વાદિષ્ટ છે. અંદાજીત ૪૦ કિ.ગ્રા. પ્રતિ વર્ષ ઝાડદીઠ ઉત્પાદન આપે છે.

**(૩) જાફના :-** આ જાતની શીંગો ૭૦ થી ૯૦ સે.મી. લંબાઈની, પોચા ગર્ભવાળી, સ્વાદિષ્ઠ હોય છે. અંદાજીત ૪૦ કિ.ગ્રા. પ્રતિ ઝાડ વાર્ષિક ઉત્પાદન આપે છે.

**(૪) લોકલ** (સ્થાનિક) આ ઉપરાંત રાજ્યમાં વિસ્તાર પ્રમાણે સ્થાનિક જાતોની ખેતી થાય છે.

**લીલો સરગવો :-** સૌરાષ્ટ્રના જૂનાગઢ, પોરબંદર, વિસ્તાર.

**કારેલીયો સરગવો :-** ભાવનગર વિસ્તાર.

**ટૂકો સરગવો :-** ઓડ, મહી કાંઠાના વિસ્તાર માટે, શીંગો ભરાવદાર, જાડાઈ ધરાવતી ૩૦ થી ૪૦ સે.મી. લંબાઈ હોય છે. ખૂબ જ સ્વાદિષ્ઠતા ધરાવે છે.

**રોપણી :-** બીજથી ઉછરેલ રોપને પ્રથમ વરસાદે કે પિયત આપીને ૧૦ ગ્રામ ડીએપી કે છાણિયા ખાતર સાથે સીધા રોપી શકાય છે. કટીંગથી ઉછેરવા માટે પગના અંગુઠા જેટલી જાડાઈના અઢીથી ત્રણ ફૂટના કટીંગ, પોચી કરેલ જમીન/ખાડામાં સામાન્ય રીતે ૪ X ૪ મીટરે રોપવામાં આવે છે. ટ્રેક્ટરથી આંતરખેડ કરવી હોય તો ૫ X ૩ મીટરે પણ વાવેતર કરી શકાય છે. ઉંચી ઉપજની ખાત્રી કરી સારુ ઉત્પાદન ધરાવતા સારી જાતના વૃક્ષના કટીંગથી ઉછેર કરવો હિતાવહ છે.

સામાન્ય રીતે ઉનાળા મા ૪૫ સે.મી.X ૪૫ સે.મી. X ૪૫ સે.મી. ના ખાડા ૬ મીટર X ૬ મીટરના અંતરે તૈયાર કરવા. તેને સારા કોહવાયેલા છાણિયા ખાતર તેમજ ઉધઈ નિયંત્રણ માટે પેરાથીયોન ડસ્ટ ૩૦ ગ્રામ ખાડા દીઠ છાણિયા ખાતર સાથે ભલામણ કરેલ રાસાયણિક ખાતર મિશ્રણ કરી ખાડા પૂરવા. ચોમાસાની શરૂઆત અગાઉ એર્પિલ–મે માસમાં તૈયાર કરેલ રોપા કે કટકા કમલને રોપી, તુરંત જ પિયત આપવું. જરૂરત પડે રોપાને લાકડી અથવા વાંસનો ટેકો આપવો.

**રાસાયણિક ખાતર :-** રોપણી સમયે પાયામાં ખાડા દીઠ ૧૦૦ ગ્રામ ડીએપી અને ૧૦૦ ગ્રામ પોટાશ છાણિયા ખાતર સાથે આપવું. પ્રથમ વર્ષે એકરદીઠ ૨ થી ૪ ગુણ યુરીયા ઉત્પાદનને મદદ કરે છે.

**પૂર્તિ ખાતર :–** રોપણી બાદ ત્રણ માસે ૫૦:૨૫:૨૫ ગ્રામ /છોડ દીઠ નાઈટ્રોજન, ફોસ્ફરસ અને પોટાશ યુક્ત ખાતર થડની આજુબાજુ ૩૦ થી ૪૫ સે.મી. ના અંતરે રીંગ કરી જમીનમાં આપી ગોડ કરવી. ત્યાર બાદ છ માસે ૫૦ ગ્રામ નાઈટ્રોજન/છોડ દીઠ આપવો જોઈએ. દર વર્ષે મધ્ય જુલાઈમાં પ્રત્યેક છોડ દીઠ વાર્ષિક ૧૦૦ ગ્રામ એમોનિયમ સલ્ફેટ, ૨૦૦ ગ્રામ સીંગર સુપર ફોસ્ફેટ તથા ૧૦૦ ગ્રામ પોટેશિયમ સલ્ફેટ નાખવા જોઈએ.

**પિયત :-** ચોમાસામાં વરસાદ ખેચાય તો જરૂરત મુજબ હળવું પાણી આપવું. ફૂલ બેસતી વખતે અને શીંગોના વિકાસ સમયે ૩૦ દિવસના અંતરે પિયત આપવા.

**માવજત :-** જરૂરત મુજબ નીંદણ નિયંત્રણ કરી ખામણાને ગોડ મારવો. છોડ એકાદ મીટર ઉંચાઈના થાય ત્યારે અગ્રભાગ કાપી પુનિંગ કરવું. વધુ ઉંમરવાળા ઝાડને દર વર્ષે જૂન માસમાં એકાદ મીટર અથવા ૧.૭૫ મીટરની ઉંચાઈએથી થડ કાપી પૂનિગં કરવું.

**પાક સરંક્ષણ :-** સામાન્ય રીતે સરગવામાં રોગ અને જીવાતનું પ્રમાણ નહિવત જોવા મળે છે. છતાં પણ આંતરપાક લઈએ ત્યારે ચુસિયા પ્રકારની જીવાતોનો ઉપદ્રવ થાય છે ત્યારે ભલામણ કરેલ શોષક પ્રકારની દવાના જરૂરત મુજબ એક થી બે છંટકાવ કરવા જરૂરી છે. ઉધઈનો ઉપદ્રવ ન થાય તેની કાળજી લેવી જોઈએ. જરૂર જણાયે ફોરેટ નામની કે અન્ય તેવી દવા આપવી.

**વિણી :-** સરગવામાં સુધારેલી જાતોમાં ૬ માસ બાદ શીંગો ઉતારવા લાયક બને છે. સરખી લંબાઈની તંદુરસ્ત, મધ્યમ જાડાઈવાળી શીંગોને અંકોડીની મદદથી ઝાડની ડાળી કે થડને નુકશાન ન થાય તેમ ઉતારી, ગ્રેડીંગ કરી યોગ્ય કદની જૂડીઓ બનાવી કાપડ, કંપના કે પૂઠાના બોક્ષમાં પેકિંગ કરી બજારમાં મોકલવાથી અર્થક્ષમ ભાવો મળી રહે છે. વિણી પાચં થી સાત દિવસના અંતરે નિયમિત કરવાથી ઉત્પાદન સારુ મેળવી શકાય છે.


: લેખક :

મિલન બ્રહ્મભટ્ટ



: પ્રકાશક :

વરીષ્ઠ વૈજ્ઞાનિક-વ-વડા

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર

મંગલભારતી

મુ. પો. ગોલાગામડી,
તા. સંખેડા, જીલ્લો –છોટાઉદેપુર
(ગુજરાત) ૩૯૧૧૨૫
ફોન. ૦૨૬૫–૨૪૩૨૪૦